57 ૮૦

આ.અને પ.ક.વિ.હસ્તકના વોટર ટેન્કર ઓર્ગેનાઇઝેશનના વાહનો રદબાતલ કરવા અંગે.

---

ગુજરાત સરકાર,
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: વોટેઓ/૧૦૯૫/૨૫૦૬/પી,
સચિવાલય, ગાંધીનગર.,
તા.૧૯-૬-૧૯૯૬.

વંચાણે લીધાં :-

(૧) બંદરો, વાહન વ્યવહાર અને મત્સ્યોદ્યોગ વિભાગનો તા.૧૨-૧૧-૮૭ નો ઠરાવ ક્રમાંક: જીટીએમ-૨૫૭૯-૪૮૯૭/ડી

(૨) આ..અને પ.ક.વિ.ના પત્રાંક: વોટેઓ/૧૦૯૫/૨૫૦૬/પી,તા.૩-૧-૯૬

(૩) --સદર-- તા.૧૦-૪-૯૬

સુધારેલ ઠરાવ :-

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હસ્તક સંયુકત નિયામક અને અધિક્ષક ઇજનેરશ્રી(યાં) વોટર ટેન્કર ઓર્ગેનાઇઝેશન અને તે કચેરીના નિયંત્રણ હેઠળ વોટર ટેન્કર પેટા વિભાગ કચેરીઓ આવેલી છે. આ તમામ કચેરીઓ હસ્તકના વાહનો રદબાતલ કરવા, તેની ઉચ્ચક કિંમત (અપસેટ, પ્રઈસ) ઠરાવવા તથા તે અંગેની કાર્યવાહી કરવા અંગે એકસુત્રીય હુકમો વંચાણે લીધેલ પત્ર નં.૩ થી કરેલ તે હુકમને બદલે હવે નીચે મુજબ ટેન્કર રદબાતલ કરવામાં આવે છે.

૨. વંચાણે લીધેલ ઠરાવ નકલ આ સાથે સામેલ છે. વાહનો રદબાતલ કરવા અંગે આ.અને પ.ક.વિભાગ દ્વારા નીચે મુજબ અધિકારીઓની સમિતિની રચના ક કરવામાં આવે છે.

---

૧. ખા.ક.અ. અને મુ.ઇ.શ્રી(પા.પુ.)અધ્યક્ષ

૨. મુ.ઈ.શ્રી(યાં) ગુ.પા.પુ.અને ગ.વ્ય.બોર્ડ સભ્ય

૩. નાયબ સચિવશ્રી(પા.પુ.) સભ્ય

૪. નાણા સલાહકારશ્રી, આ.અને પ.ક.વિ. સભ્ય

૫. સંયુકત નિયામક અને અધિક્ષક ઇજનેરશ્રી, વો.ટે.તંત્ર, સભ્ય સચિવ.

૩. ઉપરોકત સમિતિએ વંચાણે લીધેલ બંદરો, વાહન વ્યવહાર અને મત્સ્યોદ્યોગ વિભાગના તા.૧૨-૧૧-૮૭ ના ઠરાવ મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

૪. વાહનની ઉચ્ચક કિંમત નક્કી કરવા માટે વાહનની કિંમત, મરામત ખર્ચ વિગેરેની વિગતો ઉપલબ્ધ ન હોય તો ઉપરોકત સમિતિ તેની સ્પષ્ટ ભલામણ સાથે ઉચ્ચક કિંમત મંજુર કરવા આ વિભાગને જણાવશે. અને ઉચ્ચક કિંમત માન્ય કરવા અંગેના હુકમો આ વિભાગે કરવાના રહેશે. વાહનો રદબાતલ કરવા અંગેના હુકમો સમિતિની ભલામણ અનુસાર આ વિભાગ કરશે.

૫. વાહનો ઠરરાજી કરવા માટે બંદરો, વાહન વ્યવહાર અને મત્સ્યોદ્યોગ વિભાગના ઉપરોકત ઠરાવ મુજબની કાર્યવાહી કરવાની રહેશે. ઉચ્ચક કિંમતની ૨૦% જેટલી રકમ કરતા ઓછી બોલી(બીડ) હોય તેવી બીડ મંજુર કરવા માટે સંયુકત નિયામક અને અધિક્ષક ઈજનેરશ્રી(યાં) વોટર ટેન્કર તંત્રને પોતાના સ્પષ્ટ અભિપ્રાય સાથે આ વિભાગને દરખાસ્ત કરવાની રહેશે.

આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર સચિવશ્રી(આ.બા.)નાણાં વિભાગની તા.૧૦-૩-૯૬ ના રોજ મળેલ સંમતિ અનુસાર આ ઠરાવ બહાર પાડેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી/-
(એચ.જી.પરમાર)
નાયબ સચિવ,
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ.

પ્રતિ,

(૧) સચિવશ્રી(પા.પુ.)ના અંગત સચિવશ્રી,આ.અને પ.ક.વિ.સચિવાલય,ગાંધીનગર.
(૨) સભ્ય સચિવશ્રી, ગુ.પા.પુ.અને ગ.વ્ય.બોર્ડ,સે.૧૬, ગાંધીનગર.
(૩) ખાસ ફરજ પરના અધિકારીશ્રી, આ.અને પ.ક.વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
(૪) મુખ્ય ઈજનેરશ્રી(યાં) ગુ.પા.પુ.અને ગ.વ્ય.બોર્ડ, સે.૧૬, ગાંધીનગર.
(૫) નાયબ સચિવશ્રી(પા.પુ.)આ.અને પ.ક.વિ. સચિવાલય, ગાંધીનગર.
(૬) નાણાં સલાહકારશ્રી(આરોગ્ય)
(૭) એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ
(૮) સંયુકત નિયામક અને અધિક્ષક ઈજનેરશ્રી(યાં) વોટર ટેન્કર તંત્ર,સચિવાલય, ગાંધીનગર.
(૯) નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી,(પા.પુ.)આ.અને પ.ક.વિ.સચિવાલય,ગાંધીનગર.
(૧૦) પસંદગી ફાઈલ.
(૧૧) મદદનીશ પસંદગી ફાઈલ.